|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ કરુણાકરાય નમઃ ।। (૪૮)

## જે અત્યંત દયાળુ છે, એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ઈશ્વરી અવતારનો એક સ્વભાવ એટલે એ કે તે અત્યંત દયાળુ હોય છે. ભક્તોના સાદને પ્રતિસાદ આપીને તેમના પર કરુણા કરે છે અને તેમણે આનંદ પ્રદાન કરે છે.

ભગવાન બાબા સાંપ્રત (વર્તમાન) ના અવતાર હોવાથી તેમના આ ગુણોની પ્રતીતિ ભક્તોને હંમેશાં થાય છે.

ચેન્નઈમાં ઘટેલી આ એક ઘટના સ્વામી ‘કરુણાકર ' છે તેમ જ દર્શાવે છે.

થોડા વર્ષો પહેલાની વાત છે. ચેન્નઈના એક કારખાનાને, રેલવેના ડબ્બા બનાવવાનો એક ઓર્ડર કોરિયા નામના દેશમાંથી મળ્યો. આ ડબ્બા એક નિયત મુદતની અંદર બનાવીને આપવાના હતા, પરંતુ તે જ વખતે તે કારખાનાના કેટલાંક કામગારોએ કામકાજમાં ત્રાસ દેવાની શરૂઆત કરી. તેથી આ કામ ધીમી ગતિથી થવા લાગ્યું.

મુદત પૂરી થવાનો દિવસ પાસે આવ્યો, ત્યારે કોરિયાના અધિકારીએ રેલવેના ડબ્બા લઈ જવા માટે મુંબઈથી જહાજ મંગાવ્યું. પરંતુ ડબ્બા તો તૈયાર નહોતા. મુશ્કેલીમાં મુકાઈ જવાના વિચારે કારખાનાના પ્રમુખ અધિકારી ચિંતિત થઈ ગયા. તેમાં જ તેઓ બીમાર પણ થઈ ગયા. સ્વામીના પરમભક્ત આ અધિકારીએ સ્વામી પાસે કરુણાની યાચના કરી. બીમાર અવસ્થામાં પણ તેમણે સ્વામીને એક પત્ર લખી તેમના હાથ નીચે કામ કરતા એક અધિકારીને સ્વામી પાસે મોકલ્યો.

તે વખતે સ્વામી અનંતપુરના એક બંગલામાં રહેતા હતા. જ્યારે તે અધિકારી પત્ર લઈને બંગલાના દરવાજામાં ઊભો રહ્યો, ત્યારે તેને સ્વામી બહાર આવતા દેખાયા. બન્ને બાજુએ ઊભા રહેલા

ભક્તોને દર્શન આપતા, તેમની સાથે વાર્તાલાપ (વાતચીત) કરતા સ્વામી આગળ આવતા હતા. આવતી વખતે હાથમાંના રૂમાલને ગાંઠો મારવાની ક્રિયા તેઓ કરતા હતા. સ્વામી તે નીચલા ઉપઅધિકારીની પાસે આવ્યા અને પત્ર જોઈને બોલ્યા-તારા ઉપરી અધિકારીને ચિંતા શેની થાય છે? જ્યારે ડબ્બા તૈયાર થશે, ત્યારે જ જહાજ પહોંચશે અને તેમની સમસ્યા આમ છૂટશે. " એમ કહેતાં ઘણી ગાંઠો મારેલા તે રૂમાલના બન્ને છેડા ખેંચ્યા અને ગાંઠો તત્કાળ છૂટી ગઈ. થોડી વાર તેમણે આકાશ તરફ જોયું. તેમના હાથથી કાંઈ ઈશારા કર્યા અને તે નીકળી ગયા.

તે જ ક્ષણે સમુદ્રમાં નિર્માણ થયેલા વાવાઝોડાને લીધે તે જહાજ ચેન્નઈ તેની નિયત મુદતે પહોંચી શક્યું નહીં. વાવાઝોડામાં નુકસાન થયેલા જહાજને (સમારકામ) માટે થોડો સમય લાગ્યો અને જહાજ જયારે ચેન્નઈ પહોંચ્યું, ત્યારે બીજા જહાજોની ભીડને લીધે તેને બંદરે લાગતા ચાર દિવસ થયા. આવી રીતે મુદત પૂરી થયા પછી એક મહિનાએ તે જહાજ બંદર પર પહોંચ્યું. ત્યારે ડબ્બા તૈયાર થયા હતા. કેવળ સ્વામીએ કરુણા કરવાથી એક ભક્તની લાજ રહી હતી.

બીજી એક હકીકત શ્રીમતી શારદાઅમ્મા બાબતની.

એકવાર સ્વામી તેમને બોલ્યા-" તારો વિવાહ હું કારુણ્યાનંદ સાથે કરવાનો છું " આ સાંભળતા જ આજુબાજુ બેસેલા બધા લોકો હસવા લાગ્યા. શારદાઅમ્મા વૃદ્ધ હતા અને કારુણ્યાનંદ એક વૃદ્ધ સંન્યાસી હતા. પરંતુ જ્યારે શારદાઅમ્માએ સ્વામીની વાત પર વિચાર કર્યો, ત્યારે તેમના ધ્યાનમાં આવ્યું કે, સ્વામી જાણે તેમને કહે છે કે-" હું કરુણાનો આનંદમય સાગર છું. મારા આ રૂપમાં તુ વિલીન થા. "

|| શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||